Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

Centre Number | Candidate Number

**Pearson Edexcel Level 1/Level 2 GCSE (9–1)**

# Tuesday 3 June 2025

Morning (Time: 1 hour 5 minutes)

**Paper reference** **1GU0/3H**

# Gujarati

## PAPER 3: Reading and understanding in Gujarati

**Higher Tier**

**You do not need any other materials.**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer **all** questions in sections A, B and C.
- Questions in Section A and C are set in English.
- Questions in Section B are set in Gujarati.
- Answer the questions in the spaces provided *– there may be more space than you need.*
- You must **not** use a dictionary.

## Information

- The total mark for this paper is 50.
- The marks for **each** question are shown in brackets
  *– use this as a guide as to how much time to spend on each question*
  *– you should spend approximately 15 minutes on the translation question.*

## Advice

- Read each question carefully before you start to answer it.
- Try to answer every question.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶


©2025 Pearson Education Ltd.
Y:1/1/1/1/1



Pearson

## SECTION A

**Answer ALL questions. Write your answers in the spaces provided.**

**Some questions must be answered with a cross in a box ☒. If you change your mind about an answer, put a line through the box ☒ and then mark your new answer with a cross ☒.**

### Shopping

**1** Read Veera's diary page about an Indian grocery shop.

મારાં માતા સાથે મને ભારતીય કરિયાણાની દુકાનમાં જવાનું ગમે, કેમ કે ત્યાં જાતજાતનાં લોકો આવે.

દુકાનમાં બધી જ વસ્તુઓ તેની જગ્યાએ સરસ રીતે ગોઠવેલી હોય છે. મને તે ગમે કેમ કે અમારે કોઈપણ વસ્તુઓ શોધવી ન પડે. વર્ષોથી મારાં માતાને ખોખાંમાં રાખેલું શાક વીણવું પડતું તેથી તેમને કંટાળો આવતો. હવે તેને નાની કોથળીઓમાં ભરીને વેચવામાં આવે છે. અમે દર અઠવાડિયે દેશવિદેશથી આવતાં તાજાં શાકભાજી ખરીદીએ છીએ. ઉનાળામાં દાડમ અને કેરી જેવાં ભારતનાં મોસમી ફળો પણ અહીં મળે.

જો દુકાન પાસે ગાડી ઊભી રાખવાની જગ્યા હોય તો ભારે થેલીઓ ઉપાડીને દૂર સુધી ચાલવું ન પડે.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What is the reason for Veera to go shopping with her mother?

**(1)**

..................................................................................................................................................

(b) How often does the shop have fresh vegetables?

**(1)**

..................................................................................................................................................

(c) According to Veera, what facility would make shoppers' lives easier?

**(1)**

..................................................................................................................................................

**(Total for Question 1 = 3 marks)**



P 7 9 1 2 8 A 0 2 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

## Holidays

**2** Read the extract below from a literary text. Leela has written about her experience on holiday in Wales.

> રજાઓમાં હું ફરવા માટે *વેલ્સ* ગઈ હતી. મને દરિયા કિનારે આવેલાં *કોનવી* નામનાં નગરમાં બ્રિટનનાં એક સૌથી નાનકડાં ઘરની મુલાકાત લેવાની તક મળી.
>
> આવાં રમકડાં જેવાં ઘરમાં કોણ રહેતું હશે અને તેમાં કેવી સગવડો હશે તેના વિશે મારે જાણવું હતું.
>
> વર્ષો પહેલાં માછલાં પકડનારા અહીં રહેતા. મેં જોયું કે પહેલા ઓરડામાં બેઠક ખંડ અને રસોડું સાથે હતાં. સુવાના ઓરડામાં નાનકડો પલંગ માંડ સમાતો હતો. ખરેખર તો આ ઘરને બે ઇમારતો વચ્ચેની જગ્યા ભરવા માટે બનાવવામાં આવ્યું હતું તે અનોખી વાત જાણીને મને ખૂબ આશ્ચર્ય થયું.
>
> આ ઘરની મુલાકાત એ એક યાદગાર અનુભવ હતો, કેમ કે તેમાંથી મને નાની જગ્યાનું મૂલ્ય સમજાયું.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What opportunity did Leela get on her trip?

**(1)**

.......................................................................................................................................................................................................

(b) What did Leela want to know about the house? Give **one** detail.

**(1)**

.......................................................................................................................................................................................................

(c) What was so unique about the history of the house?

**(1)**

.......................................................................................................................................................................................................

(d) What did Leela learn from this holiday experience?

**(1)**

.......................................................................................................................................................................................................

**(Total for Question 2 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## Places to visit in Gujarat

**3** Read the conversation on an internet platform between friends.

| | |
|---|---|
| આશી | હું આણંદમાં ચોકલેટનું કારખાનું જોવા ગઈ હતી. કોકોનાં મિશ્રણમાંથી વિવિધ સ્વાદ તેમજ આકારની ચોકલેટો તૈયાર થતાં જોઈ. અમુક ચોકલેટો હાથેથી કેવી રીતે બનાવાય તે હું શીખી. એમાંય ખાસ કરીને સૂકા મેવાની ચોકલેટો જે મારી પ્રિય છે. |
| અનીશ | ઘરચોળાં બનાવાની રીત જાણવા હું જામનગર આવ્યો છું. કારીગરો કાપડમાં અનેક આકારની વસ્તુઓ બાંધીને કાળજીથી તેને રંગવાળા પાણીમાં ડૂબાડી રાખે. પછી કપડું બે વાર ચોખ્ખાં પાણીમાં ધોવાય, સુકાઈ પછી બાંધેલી વસ્તુઓ કાઢવામાં આવે. આમ ઘરચોળાંની અદ્દભુત ડીઝાઈનો બને છે. |
| પુનમ | હું કચ્છ જવા માટે ખૂબ આતુર છું, પહેલીવાર મને ત્યાંનાં ગામડાંઓમાં જઈને મજા માણવી છે. મારે ખાસ કરીને ત્યાંના લોકોની જીવન જીવવાની રીત વિશે જાણવું છે. મને બાજરાના રોટલા સાથે તાજું માખણ પણ મળશે. |

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) Why is Poonam keen to visit villages of Kutch?

**(1)**

..............................................................................................................................................

(b) According to Anish, which process needs care in making bridal sarees?

**(1)**

..............................................................................................................................................

(c) What does Aashi say about almond chocolates?

**(1)**

..............................................................................................................................................

(d) What specifically does Poonam want to learn from her visit to Kutch?

**(1)**

..............................................................................................................................................

(e) How many times did Anish see the bridal sarees go through the water process?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 3 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA



P 7 9 1 2 8 A 0 4 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

**QUESTION 4 BEGINS ON THE NEXT PAGE**

**School Open Day**

**4** Read the extract below from a literary text. Devan talks about Open Day at his school.

અમારી નિશાળમાં નવા વિદ્યાર્થીઓ માટે મુલાકાત દિવસ ગોઠવ્યો હતો. જેથી તેઓ તેમનાં માતા-પિતા સાથે આવીને શાળા વિશે જાણી શકે. માહિતી મેળવીને બાળકો પોતાની પસંદગી કરે તે મને ખૂબ ગમ્યું. આ દિવસે મદદ કરવાનો મને મોકો મળ્યો.

સવારે મહેમાનોને મેં મીઠો આવકાર આપ્યો, તે ઘડીએ મને આ શાળામાં હોવાનો ખૂબ જ ગર્વ થયો. હું વારાફરતી બાળકો અને તેમનાં માતા-પિતાને વર્ગો જોવા લઈ ગયો. મેં બધાં સાથે મારા વિદ્યાર્થી જીવન અને અહીંની રમતગમતની સુવિધાઓ વિશે ઘણી વાતો કરી. મોટાભાગનાં વાલીઓએ અમને શીખવાડવામાં આવતી ભાષાઓ અને ઉજવાતા સાંસ્કૃતિક ઉત્સવો વિશે મને ઘણા સવાલો પૂછ્યા. પરીક્ષાનાં પરિણામો કરતાં વધારાના અભ્યાસક્રમ વિશે જાણવામાં તેઓએ વધારે રસ દેખાડ્યો. હું આટલા સરસ જવાબો આપીને બધાની સાથે વાતચીત કરી શકીશ એવું મેં ક્યારેય વિચાર્યું ન હતું.

આખો દિવસ દોડાદોડી કરીને થાક તો ઘણો લાગ્યો પણ આવો અનુભવ પાછો મને ક્યારે મળત!

Put a cross ☒ in the correct box.

**Example:** The school arranged … day for the new students.

| | |
|---|---|
| ☒ | **A** an open |
| ☐ | **B** a cultural |
| ☐ | **C** an examination |
| ☐ | **D** a competition |

(i) New students got an opportunity to decide on their …

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** career. |
| ☐ | **B** activities. |
| ☐ | **C** school. |
| ☐ | **D** subjects. |

(ii) When Devan met the parents for the first time, he was feeling …

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** nervous. |
| ☐ | **B** excited. |
| ☐ | **C** scared. |
| ☐ | **D** proud. |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

(iii) This experience made Devan realise his skills in …

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** languages. |
| ☒ | **B** communication. |
| ☒ | **C** sports. |
| ☒ | **D** studies. |

(iv) The … was the main point of interest.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** school syllabus |
| ☒ | **B** summer vacation |
| ☒ | **C** term timetable |
| ☒ | **D** school examination |

(v) At the end of the day, Devan was very tired of …

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** visiting classrooms. |
| ☒ | **B** sitting in one place. |
| ☒ | **C** running around the school. |
| ☒ | **D** standing in one place. |

**(Total for Question 4 = 5 marks)**

## School fun fair

**5** Read the conversation between the students about a fun fair at a Gujarati school.

| | |
|---|---|
| રીના | અમે શાળાનાં મેદાનમાં મેળાનું આયોજન કર્યું હતું. મેળાના આગલે દિવસે મેદાનને સાફ કરવું, કચરાપેટીઓ મૂકવી, ભીંતપત્ર લગાડવા વગેરે જેવા કામની તૈયારીઓમાં અમે વ્યસ્ત રહ્યાં. મેળાના દિવસે, અમારા વિસ્તારના લોકોએ તંબૂઓ બાંધી તેની સજાવટ કરવામાં અને મેજ ગોઠવવામાં મદદ કરીને અમને ઘણો સાથ આપ્યો હતો. |
| જયન | રંગબેરંગી વસ્ત્રોમાં આવેલ મહેમાનોથી મેદાન ભરેલું હતું. અમારાં દોરેલાં ચિત્રોને વેચવાનું શિક્ષકોનું સૂચન સફળ રહ્યું કેમ કે લોકોએ બધાં ચિત્રો ખરીદ્યાં. બાળકોએ કાગળની હોડી, પતંગ તેમજ વિવિધ જાતનાં ચહેરાના માસ્ક બનાવીને મજા માણી. છોકરીઓએ હાથમાં મેંદી મૂકી. સંગીતના તંબૂમાં બધાં ખૂબ નાચ્યાં. |
| આરતી | અમે ઘરેથી શાકાહારી વાનગીઓ બનાવીને લાવ્યાં હતાં. શેકેલી મકાઈ, બટેટાં અને પનીરનો સ્વાદ લેવા આખો દિવસ લોકોની ભીડ રહી. અમારા વાલીઓને ગર્વ છે કે ભણવા ઉપરાંત અમે આવાં કામની જવાબદારી લઈ શકીએ છીએ. હું માનું છું કે શિક્ષકોના સાથ વગર આવાં કામો અશક્ય છે. |
| શીવમ | ખરેખર, વાતાવરણ કેટલું આનંદમય હતું! આટલી મોટી સંખ્યામાં લોકો અહીં આવશે એવી મને આશા ન હતી. દાનમાં મળેલાં રમતગમતનાં સાધનો જીતવા માટેની ટિકિટોનાં વેચાણમાંથી સારા પૈસા ભેગાં થયાં. આ ફાળો શાળાનાં નવાં પુસ્તકાલય માટે વપરાશે. |

Who says what? Choose the correct answer from **Reena**, **Jayan**, **Aarti** and **Shivam**.

(a) .................................................... noticed the demand for the vegetarian grilled food.

**(1)**

(b) .................................................... was surprised to see a big turnout at the fair.

**(1)**

(c) .................................................... appreciated the help from the local people on the day.

**(1)**

(d) .................................................... collected a good amount from the students' paintings.

**(1)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

Answer the following questions **in English**.

(e) What will the income from the event be used for?

**(1)**

........................................................................................................................................................................................................

(f) How does Aarti feel about organising such events without any help?

**(1)**

........................................................................................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## Being green

**6** Read the article written by Shalu about 'being green'.

વાહનવ્યવહાર માટે વપરાતાં કોલસા, વાયુ, પેટ્રોલ, ડીઝલ વગેરે ગ્રીનહાઉસ ગેસમાં વધારો કરે છે. આનાથી થતો ધુમાડો પર્યાવરણ માટે ગંભીર સમસ્યા છે.

ઘણાં દેશોમાં વીજળીથી ચાલે એવા જાહેર વાહન વ્યવહારનો વધુ ઉપયોગ થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. આથી, વાતાવરણમાં ધુમાડાનો ઘટાડો થઈ શકે. ગાડીઓ વાપરવાને બદલે આવી સગવડોનો ઉપયોગ વધે તે માટે વિશ્વભરની સરકારો જનતાને પ્રોત્સાહિત કરે છે. વીજળીથી ચાલતી ગાડીઓમાં પણ આજે ઘણો વધારો થઈ રહ્યો છે. બે-ત્રણ ગાડીઓ દોડાવવાને બદલે સૌ સમજીને એક જ ગાડીમાં મુસાફરી કરે તો રસ્તા પર વાહનોની ભીડ ઓછી થાય.

ચાલવું અને સાઇક્લિંગ જેવી પ્રવૃત્તિઓ પર્યાવરણ તેમજ આરોગ્ય માટે લાભદાયક છે. ઘણી શાળાઓ સાઇકલની હરીફાઈઓમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને ઉત્તેજન આપે છે. ઘણી નવી સાઇકલોમાં હવે સૂર્યની ઉર્જાથી ચાલતી બત્તીઓ મૂકવામાં આવે છે. ઘણાં શહેરોના મુખ્ય રસ્તાઓ પર સાઇકલ ચલાવનારાઓ સુરક્ષિત રહે તે માટે ખાસ કેડીઓ પણ બનાવવામાં આવી છે.

હવે મોટાભાગની કંપનીઓ કર્મચારીઓને ઘરેથી ઑનલાઇન કામ કરવાની પસંદગી આપે છે. જેથી પ્રદૂષણ ઓછું થવાની સાથે સાથે કામે જવા-આવવાનો ખર્ચ બચે છે. હજી પણ કામ તેમજ રજાઓ માટે થતી વિમાનની ખર્ચાળ મુસાફરીઓ હવાની ગુણવત્તાને બગાડે છે.

પર્યાવરણને નુકસાન ન પહોંચે એવા વાહનનો ઉપયોગ કરીને ભવિષ્ય માટે પૃથ્વીની રક્ષા કરી શકાય.

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(i) What does the article tell us?

**(3)**

Put a cross ☒ next to the **three** correct sentences.

| | |
|---|---|
| ☒ | **Example:** Petrol is one of the biggest contributors to greenhouse gas. |
| ☐ | **A** Driving is good for our health. |
| ☐ | **B** More countries are encouraging the concept of car sharing. |
| ☐ | **C** It is helpful to take your own car to work. |
| ☐ | **D** Fumes from non-renewable waste are the biggest problem to the environment. |
| ☐ | **E** Increasing air travel helps the environment. |
| ☐ | **F** More actions are being taken to keep cyclists safe and to promote cycling. |
| ☐ | **G** Fewer electric cars are being sold in the market today. |

Answer the following questions **in English**.

(ii) According to the article, how do we get the best health benefits? Give **ONE** detail.

**(1)**

.......................................................................................................................................

(iii) How could office workers contribute to the green environment? Give **ONE** detail.

**(1)**

.......................................................................................................................................

**(Total for Question 6 = 5 marks)**

**TOTAL FOR SECTION A = 28 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION B

### ખેતીનો વ્યવસાય

**7** નિશાળના સામયિકમાં ખેડૂત બનવાની તાલીમ વિશે અજયનો લેખ વાંચો.

દાદાજીના ખેતીકામને મારે આગળ વિકસાવવું છે. તેઓ માને છે કે ખેડૂત બનવું તે ગર્વ થાય એવો વ્યવસાય છે.

દાદાજી અનુભવી છે એટલે હું તેમની પાસેથી તાલીમ લઉં છું. પરોઢિયે ખેતરમાં જઈને હું ખોદકામ કરવામાં મદદ કરું. ત્યાર પછી અમે વિવિધ કઠોળ અને શાકભાજી વાવીએ. તેઓ પાક માટે યોગ્ય હવામાન વિશે મને માહિતી આપે. ફુવારાની રીતનો ઉપયોગ કરીને પાણીનો બચાવ કરતાં હું શીખ્યો. જંતુઓને શાકભાજીથી કેવી રીતે દૂર રાખવા તેના વિશે દાદાજીએ મને જાણકારી આપી.

દાદાજીની સલાહ મુજબ મારે આ કારકિર્દીમાં સફળ થવું હોય તો બદલતાં હવામાન તેમજ બજારની સ્થિતિમાં થતા ફેરફારો માટે તૈયાર રહેવું જોઈએ.

સાચાં ખાનામાં ☒ કરો.

**ઉદાહરણ:** અજયના દાદાજી ... કામ કરે છે.

| | |
|---|---|
| ☐ | **A** દુકાનમાં |
| ☒ | **B** ખેતરમાં |
| ☐ | **C** ઘરમાં |
| ☐ | **D** શાળામાં |

(i) અજય તેના દાદાજીના ધંધાને ... માંગે છે.

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** ઘટાડવા |
| ☐ | **B** સંભાળવા |
| ☐ | **C** વધારવા |
| ☐ | **D** બદલવા |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 7 9 1 2 8 A 0 1 2 2 0

(ii) દાદાજીનું માનવું છે કે ખેતીનો વ્યવસાય ... છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** માન અપાવનારો |
| ☒ | **B** આળસુ બનાવનારો |
| ☒ | **C** શાંતિ આપનારો |
| ☒ | **D** કંટાળો આપનારો |

(iii) તાલીમ લેવા માટે અજયને ... કામ શરૂ કરવું પડે છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** અડધી રાતે |
| ☒ | **B** મોડી સાંજે |
| ☒ | **C** બપોર પછી |
| ☒ | **D** સવારે વહેલું |

(iv) દાદાજી પાસેથી અજય પેદાશો માટે ... વિશે શીખે છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** જરૂરી ખાતર |
| ☒ | **B** યોગ્ય તાપમાન |
| ☒ | **C** બીજની ખરીદી |
| ☒ | **D** સંગ્રહની જગ્યા |

(v) સફળ ખેડૂત બનવા માટે ... વિશે જાણકારી હોવી જરૂરી છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** બજારના લોકો |
| ☒ | **B** મકાનનાં ખોદકામ |
| ☒ | **C** બજારના ભાવ |
| ☒ | **D** નદીનાં પાણી |

**(Total for Question 7 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## ચલચિત્રો

**8** તમે વિવિધ ચલચિત્રો વિશે વાંચો છો.

| | |
|---|---|
| ગુજરાતી: | આજકાલ સામાજિક વિષયો પર ઘણાં ચલચિત્રો બને છે. એમાં નાનાં-મોટાં સૌને રસ પડે એવાં ગીત-સંગીતનો સમાવેશ કરવામાં આવે છે. નવલકથા પર આધારિત ફિલમો ગુજરાતી સાહિત્યનું જ્ઞાન વધારે છે. |
| અંગ્રેજી: | બધાં જ કાલ્પનિક ચલચિત્રો હંમેશાં રસ પડે એવાં નથી હોતાં. લડાઈની ઘણી વાર્તાઓ ઉત્તેજક હોય છે. ક્યારેક મિત્રો સાથે ધાણી ખાતાં ખાતાં રોમાંચક ફિલમો જોવાની વધારે સારી લાગે. |
| બોલીવુડ: | બોલીવુડનાં ચલચિત્રો લાંબા હોય. ડરામણાં ચલચિત્રો કરતાં રહસ્યમય ફિલમો જોવાની વધારે મજા આવે. જો વાર્તા રમૂજી હોય અને ભાષા સમજાય તો તેને જોવાનો ખરેખર આનંદ આવે. |
| આંતરરાષ્ટ્રીય: | વિદેશી ભાષાઓમાં બનતા વિશ્વના ઇતિહાસ વિશેના ચલચિત્રો ખૂબ જ રસપ્રદ હોય છે. તેઓની અદ્ભુત વાર્તાઓ અને સંસ્કૃતિ આપણને અલગ અલગ ભાષાઓ શીખવા માટે પ્રેરિત કરે છે. |

તમે કેવું ચલચિત્ર જોવાનું પસંદ કરશો? **ગુજરાતી**, **અંગ્રેજી**, **બોલીવુડ** અથવા **આંતરરાષ્ટ્રીય**.

તમે એકથી વધારે વાર શબ્દોનો ઉપયોગ કરી શકો છો.

**ઉદાહરણ:** સામાજિક રસ ધરાવનારાઓએ ........ગુજરાતી........ ચલચિત્ર જોવા જવું.

(a) ભાષા આવડતી હોય તો ............................................................ ની ફિલમ જોઈને ખૂબ હસવું આવે.

**(1)**

(b) સ્પૅનિશ ભાષા શીખવા માટે ............................................................ ચલચિત્ર જોવાનું ગમશે.

**(1)**

(c) દોસ્તો સાથે તરંગી વાર્તા વિશે ............................................................ ફિલમ જોવાની બહુ મજા આવે.

**(1)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(d) માતાપિતા સાથે ........................................................................................ ચલચિત્ર જોવાનો આનંદ લેવાય.

**(1)**

(e) વિવિધ સંસ્કૃતિઓ વિશે જાણવું હોય તો ........................................................................................ ફિલ્મ જરૂર જોવી.

**(1)**

**(Total for Question 8 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

## પરિવાર અને મિત્રો સાથેનો સમય

**9** નીચેનું વેબ પેજ વાંચો.

દિવસનાં ભાગમાં સૌ કામમાં વ્યસ્ત હોવાથી ઘરમાં બધાં માટે સમય કાઢવાનું મુશ્કેલ છે. એક વખતનું ભોજન પરિવાર સાથે કરવાનો નિયમ રાખીએ તો કેટલું સરસ! દિવસ દરમિયાન જે બન્યું હોય તેની વાતો અને વિચારોની આપલે કરવાથી આપણે એકબીજાની નજીક હોઈએ એવી લાગણી થાય છે. રજાઓમાં પોતાના ઓરડામાં સમય પસાર કરવાને બદલે થોડીવાર બધાં સાથે બેસીને કોઈ પ્રવૃત્તિઓ કરી શકાય.

ફુરસદના સમયમાં, આપણે મિત્રો સાથે દૂરદર્શન જોઈને, સિનેમામાં જઈને, અન્ય રમતો રમીને અને મિજબાનીઓમાં જઈને ઘણી મોજ કરીએ છીએ. ત્યારે કોઈને એકબીજાથી છૂટાં પડવાનું મન નથી થતું. પિતરાઈ ભાઈ-બહેનો ભેગાં થઈએ ત્યારે જે મજા માણીએ છીએ તેનું વર્ણન કરી શકાતું નથી.

ઘરમાં દાદા-દાદી સાથે નિયમિત વાતો કરીએ તો તેઓને એકલતા નથી લાગતી. ક્યારેક તેઓના જીવન વિશે વાતો સાંભળવાનો આનંદ આવે છે. તેઓ પાસેથી ખાસ તો આપણને સારા સંસ્કાર મળે છે. કુટુંબ સાથે લગ્ન પ્રસંગો અને તહેવારો ઉજવીએ ત્યારે આપણી પરંપરા વિશે ઘણું બધું જાણવાનું મળે છે.

પરિવાર અથવા મિત્રો સાથે રજાઓમાં ફરવા જઈએ ત્યારે સાથે સમય પસાર કરવાનો સૌથી સારો મોકો મળે છે. કોઈ જાતની ચિંતા હોતી નથી અને ત્યારે સાથે કેટલીય જૂની યાદો તાજી થાય છે. તે ઉપરાંત બધાંની સાથે રહીને સલામતી અનુભવીએ છીએ.

નીચેના સવાલોના **ગુજરાતીમાં** જવાબ લખો. આખા વાક્યમાં જવાબ લખવાની જરૂર નથી.

(a) સાંજે પરિવાર સાથે સમય વિતાવવાથી કેવો અનુભવ થાય છે?

**(1)**

..............................................................................................................................................

(b) તહેવારો આવે ત્યારે પરિવાર પાસેથી શું શીખવાનો લાભ મળે છે?

**(1)**

..............................................................................................................................................

(c) આપણી સંસ્કૃતિ વિશે જાણવા માટે આપણે શું કરવું જોઈએ?

**(1)**

..............................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

(d) મિત્રો સાથે પ્રવૃત્તિઓ કર્યા પછી કેવી લાગણી થાય છે?

**(1)**

..................................................................................................................................................................................................

(e) વિતાવેલા દિવસોને પાછા માણવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે?

**(1)**

..................................................................................................................................................................................................

**(Total for Question 9 = 5 marks)**

**TOTAL FOR SECTION B = 15 MARKS**

## SECTION C

### Translation

**10** Translate this passage into **English**.

આગળ અભ્યાસ કરવાથી આપણો આત્મવિશ્વાસ વધે છે. ઉચ્ચ શિક્ષણ આપણી કારકિર્દીમાં સફળ થવામાં તેમજ કામમાં સુધારો કરવામાં મદદ કરે છે. જ્યારે વિવિધ લોકોને મળીએ છીએ, ત્યારે જ્ઞાનનો વિકાસ થાય છે અને નવી વસ્તુઓ શીખવાની તક પણ મળે છે. દેશ-વિદેશમાં કામ કરવાના દરવાજા ખુલે છે ત્યારે આપણે મેળવેલાં ભણતરનું મૂલ્ય સમજાય છે.

**(Total for Question 10 = 7 marks)**

**TOTAL FOR SECTION C = 7 MARKS**
**TOTAL FOR PAPER = 50 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

BLANK PAGE

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA